તાપમાન
મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૧૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૪૫ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૨૮ | ૨૮ ઓક્ટોબર, ૨૦૧૫, બુધવાર ; આસો વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ફટાફટ ન્યુઝ

- વર્તમાન ચુંટણી બિહારના ભાવિ માટે મહત્વપૂર્ણ છે : નરેન્દ્ર મોદી
- બિહારમાં મતદાન શાંતિપૂર્ણ રહે તે માટે તમામ પગલા લેવાયા
- મોદી શાસન હેઠળ દેશ મુશ્કેલ તબક્કામાં : એન્ટોનીનો દાવો
- કુંભને હેરિટેજ સાઈટમાં સામેલ કરાવવાના પ્રયાસ
- રેલવે પ્રવાસીને રાહત : રીઝર્વેશન ચાર્ટ ચાર કલાક પહેલા જ લાગશે
- તહેવારો વેળા ઇ-કોમર્સમાં વધારે નોકરીની તક સર્જાશે
- નેસ્લે દ્વારા ત્રણ રાજ્યોમાં મેગી ઉત્પાદન ફરીથી શરૂ
- છોટા રાજનની ધરપકડ કરતા છોટા શકીલને નિરાશ
- શેરબજારમાં મંદી : વધુ ૧૦૯ પોઈન્ટનો ઘટાડો નોંધાઈ ગયો
- ઓછા ભાડામાં ત્રણ લાખ સીટની સ્પાઈસની ઓફર

# બિહારમાં આજે મતદાન

### લાલુના પુત્ર સહિત ૮૦૮ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થશે : ૧૪૧૭૦ મતદાન મથકો પૈકી ૬૭૪૭ અતિસંવેદનશીલ જાહેર કરી દેવાયા છે

### ચુંટણીને ધ્યાનમાં લઈ ૩૨૨૮ ઓબ્જર્વર રહેશે : ૭૧ મહિલા ઉમેદવાર

પટણા,તા. ૨૭

તહેવારને લઈને ટુંકા વિરામ બાદ હવે ફરી એકવાર આવતીકાલથી હાઈવોલ્ટેજ ચૂટણીનો આગામી તબક્કો શરૂ થઈ રહ્યો છે. આવતીકાલે ત્રીજા તબક્કામાં ૫૦ બેઠકો માટે મતદાન યોજનાર છે. ત્રીજા તબક્કામાં પણ અગાઉના બે તબક્કાની જેમ એનડીએ અને મહાગઠબંધન વચ્ચે તીવ્ર સ્પર્ધા થનાર છે. આ વખતે ત્રીજા તબક્કાની ચૂંટણી મહત્વપૂર્ણ બની છે. કારણ કે આમાં આરજેડી વડા લાલુ યાદવના બે પુત્રો પણ ચૂંટણી મેદાનમાં છે. તેમના પુત્રોને જીત અપાવવા માટે લાલુ આ વખતે દર વખત કરતા વધારે મહેનત કરી રહ્યા છે. ત્રીજા તબક્કાના મતદાનમાં લાલુ યાદવના મજબુત ગઢ સારનનો પણ સમાવેશ થાય છે. સારનમાં વિધાનસભાની દસ બેઠકો છે. નાલંદામાં પણ અનેક સીટ છે. જે મુખ્યપ્રધાન નિતીશ કુમારના વતન જિલ્લા તરીકે છે. ત્રીજા તબક્કામાં જે જિલ્લાને આવરી લેવામાં આવ્યા છે તેમાં પટણા, વૈશાલી, સારન, નાલંદા, બકસર અને ભોજપુર જિલ્લાનો સમાવેશ થાય છે. એડિશનલ ચીફ ઈલેક્ટોરલ આર. લક્ષ્મણને કહ્યુ છે કે ત્રીજા તબક્કામાં કુલ ૧.૪૫ કરોડ મતદારો ૮૦૮ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા માટે તૈયાર છે. ૮૦૮ ઉમેદવારમાં ૭૧ મહિલા ઉમેદવારો પણ છે. રાજ્યમાં ત્રીજા તબક્કાના મતદાન માટે ૧૪૧૭૦ મતદાન મથકો છે. જે પૈકી ૬૭૪૭ મતદાન મથકો સંવેદનશીલ તરીકે જાહેર કરવામાં આવ્યા છે.


**વિદેશથી પરત થયા છે**

**ડો. પ્રકાશ જોષી તા. ૨૬ ઓક્ટોબરથી રાબેતા મુજબ હોસ્પિટલમાં મળશે.**

**ડો. પ્રકાશ જોષી**
એમ. ડી., ડીજીઓ
ડીપ્લોમા લેપ્રોસ્કોપી (જર્મની), ગાયનેકોલોજીસ્ટ

**ઈલા મેટરનીટી હોમ**
પ્લોટ નં. ૪૪૭, ઘ-૫ પાસે, સેક્ટર-૧૬, ગાંધીનગર


## શરદ પૂનમની રઢિયાળી રાત



(તસવીર : કશ્યપ નિમાવત)

# હાર્દિક સામેની એફઆઈઆર રદ કરવા હાઈકોર્ટનો ઈન્કાર

### હાર્દિક સામે દેશદ્રોહનો પ્રથમદર્શી કેસ બને છે : બે સમુદાય વચ્ચે દુશ્મનાવટ ઉભી કરવા સાથે સંબંધિત કલમ ૧૫૩(એ) એફઆઈઆરમાંથી દૂર કરવા આદેશ

અમદાવાદ,તા. ૨૭

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં ગુજરાત હાઈકોર્ટે આજે કહ્યું હતું કે, પાટીદાર સમુદાયના લોકો માટે અનામતને લઈને આંદોલન ચલાવી રહેલા લીડર હાર્દિક પટેલ સામે દેશદ્રોહનો પ્રથમદર્શી કેસ બને છે. હાઈકોર્ટે સુરતમાં હાર્દિક પટેલ સામે દાખલ કરવામાં આવેલી એફઆઈઆરને રદ કરવાનો આજે સાફ ઈન્કાર કરી દીધો હતો. જોકે, કોર્ટે એફઆઈઆર માટે આઈપીસીની કલમ-૧૫૩ને પડતી મુકવાનો આદેશ કર્યો હતો. બે સમુદાય વચ્ચે દુશ્મનાવટ સર્જવા સાથે સંબંધિત આ કલમ રહેલી છે. જસ્ટીસ જેબી પારડીવાલાએ કહ્યું હતું કે, હાર્દિક પટેલ સામે દેશદ્રોહનો પ્રથમદર્શી કેસ બને છે. કારણકે, હાર્દિકે પોલીસ જવાનોને મારી નાંખવા માટે યુવાનને સલાહ આપી હતી. કોર્ટે આરોપીના પિતા ભરત પટેલ દ્વારા દાખલ કરવામાં આવેલી

● અનુસંધાન પાન-૭ પર


PRIME LOCATION FOR YOUR BUSINESS
હસમુખભાઇ પટેલ
9898935008
9737124032
ઓફિસ નંબર
9904483888
atria
"The Business Hub"
દુકાનો-ઓફિસો, ભાડે-વેચાણ આપવાની છે.
atria corner, KH-0,સરગાસણ ચાર રસ્તા,ગાંધીનગર

FASHION at a... FRACTION
TAKING TO THE FRACTION.........
શર્ટ - ૪૦૦ થી ૫૦૦ સુધી
બ્રાન્ડેડ જીન્સ & T-Shirts
જેન્યુલ ડીસ્કાઉન્ટ ભાવે (દિવાળીની સ્પેશ્યલ ઓફર)
ચીરાગ ચૌધરી : ૮૭૫૮૮૪૧૦૨૫, ૭૭૭૮૯૦૪૩૦૫
પ્લોટ નં. ૭૮૭/૨, સેક્ટર-૭બી, પોલીસ સ્ટેશનની બાજુમાં, ગાંધીનગર

**હાર્દિક અભિનંદન**



**ડો. શંકરસિંહ આર. રાણા**
ચેરમેનશ્રી, મધુર ડેરી, ગાંધીનગર

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (મધુર ડેરી)ના ચેરમેન તરીકે આપની બિનહરીફ વરણી થતાં અમો આનંદ સાથે ગૌરવની લાગણી અનુભવીએ છીએ અને આપશ્રીને તથા આપની આખી ટીમને હાર્દિક અભિનંદન સાથે આપના સફળ નેતૃત્ત્વમાં ગાંધીનગર ડેરી પ્રગતિનાં સર્વોચ્ચ શિખરો સર કરે તેવી શુભકામના પાઠવીએ છીએ....

શુભેચ્છક

શ્રી દિલીપસિંહ આર. ચૌહાણ – ચેરમેન
શ્રી રાજેશ એસ. પંચોલી – મેનેજીંગ ડીરેક્ટર
શ્રી મંગળદાસ કે. પટેલ – વાઈસ ચેરમેન
શ્રી ચંદ્રસિંહ એચ. વાઘેલા – જો. મેનેજીંગ ડીરેક્ટર
શ્રીમતી રેણુકાબેન એલ. પટેલ – ચેરમેન, દૂધ સમિતિ
શ્રી કિરીટકુમાર સી. શાહ – ચેરમેન, હિસાબ સમિતિ

કારોબારી સભ્યો

શ્રી તેજાભાઈ કે. દેસાઈ
શ્રી સુરેશકુમાર એન. મહેતા
શ્રી પંકજકુમાર બી. શુક્લ
શ્રી ઈશ્વરભાઈ એસ. પટેલ
શ્રી કેતનકુમાર ડી. પટેલ
શ્રી ગજેન્દ્રસિંહ કે. રાઠોડ
શ્રી બિપીનસિંહ ડી. વાઘેલા
શ્રીમતી હસુમતીબેન પટેલ
શ્રીમતી ભાનુમતીબેન રોહિત
શ્રી નિલેશકુમાર આર. પટેલ
શ્રી ઉરેન એલ. પટેલ
શ્રી નરહરદાન ગઢવી (જનરલ મેનેજર)

**ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લીમીટેડ**
સી-૬, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર


## શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ હવે ડિસેમ્બરથી યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૭

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈ અમલમાં આવેલ આચારસંહિતાને કારણે શાળા આરોગ્ય ચકાસણીનો કાર્યક્રમ ૧૬ દિવસ પાછળ લઈ જવામાં આવેલ છે.

રાજ્યના આરોગ્ય વિભાગનો આ અતિ મહત્વકાંક્ષી કાર્યક્રમ જે ૧૪ નવેમ્બરથી શરૂ થતો હોય છે પણ હવે આ કાર્યક્રમ ૧લી ડિસેમ્બરથી શરૂ થશે અને ફેબ્રુઆરી માસના પ્રથમ સપ્તાહ સુધી ચાલશે.

આ કાર્યક્રમ અંતર્ગત ૦ થી ૧૮ વર્ષના બાળકોના આરોગ્યની ચકાસણી કરી તેમને જરૂર જણાયે સ્થળ પર સારવાર, સંદર્ભ સેવા તેમજ કીડની, હૃદય, કેન્સરની બિમારીનો સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકાર ઉપાડે છે.

આરોગ્ય તંત્ર દ્વારા આ કાર્યક્રમ આચારસંહિતાના અમલને લઈ પાછળ લઈ જવામાં આવેલ છે. આ અંગેનું આયોજન પણ તંત્ર દ્વારા કરી દેવામાં આવેલ છે.

રાજ્યમાં ૧.૫૦ કરોડ જેટલા બાળકોના આરોગ્યની આ કાર્યક્રમ અંતર્ગત ચકાસણી કરવામાં આવે છે. ૧૯૯૫થી રાજ્ય સરકારે આ કાર્યક્રમને અમલી બનાવ્યો છે.


